**પશુ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા આદિવાસી સંશોધન–વ–તાલીમ કેન્દ્ર, દેવગઢ બારીયા ખાતે**

**મરઘાપાલનની તાલીમ અને મરઘા વિતરણ**

પશુ વિજ્ઞાન કેન્દ્ર (લીમખેડા) દ્વારા આદિવાસી સંશોધન–વ–તાલીમ કેન્દ્ર, દેવગઢ બારીયા ખાતે તા.૨૧ ઓગષ્ટ ૨૦૧૭ ના રોજ **" વાડા ઉછેર પધ્ધતિથી મરઘાપાલન"** વિષય પર એક દિવસીય તાલીમ યોજવામાં આવેલ હતી. સદર કાર્યક્રમમાં દેવગઢ બારીયા તાલુકાના ભથવાડા, વડેલા અને જબુંસર ગામોમાંથી આદિવાસી પશુપાલક મહિલાઓ હાજર રહેલ હતી.

આ કાર્યક્રમની શરૂઆતમાં ડૉ. જી.જે.પટેલ, યુનિટ અધિકારીશ્રી, આદિવાસી સંશોધન–વ–તાલીમ કેન્દ્ર, દેવગઢ બારીયાએ આમંત્રિત પશુપાલક મહિલાઓનું શાબ્દિક સ્વાગત તથા સ્વાગત પ્રવચન કર્યુ હતું. માનવપોષણમાં ઈંડાનું મહત્વ સમજાવ્યું. તેઓએ આધુનિક સમયની જરૂરીયાત અને મોંઘવારીમાં ખેતી અને પશુપાલનની સાથે સાથે મરઘા ઉછેર વ્યવસાયને અપનાવવા બહેનોન પ્રોત્સાહિત કર્યા.

ડૉ. ડી.સી. પટેલ, પ્રાધ્યાપક, પશુ વિજ્ઞાન કેન્દ્રએ માન. પ્રધાનમંત્રીશ્રી, ભારત સરકારની ખેડૂતોની આગામી પાંચ વર્ષમાં આવક બમણી કરવાના લક્ષ્યાંક પૂર્ણ કરવામાં મરઘાપાલનનો વ્યવસાય મહત્વનો સાબિત થઈ શકે છે તેમ જણાવ્યું. વાડા ઉછેર પધ્ધતિથી મરઘાપોષણની બિનખર્ચાળ તકનીકીઓને અમલમાં લાવી ઓછા ખર્ચે ઓછી મહેનતે વધુ સારુ ઉત્પાદન કેવી રીતે મેળવી શકાય તેની સમજ આપી. આ ઉપરાંત ઈંડા મૂકવાની અવસ્થાએ કેલ્શીયમ, પ્રોટીન અને શકિતદાયક પદાર્થો ઉમેરવાની ભલામણ કરી. તેઓએ પ્રવર્તમાન દિવસોમાું જોવા મળેલ  સ્વાઈન ફ્લ્યુ રોગથી બચવા પ્રાથમિક સાવચેતીના પગલાઓથી માહિતગાર કર્યા.

મરઘા સંશોધન કેન્દ્ર, આણંદથી આવેલ ડૉ. અતુલ બી. પટેલ, મદદનીશ પ્રાધ્યાપકએ ઘરેલુ ઈંડા આપતી મરઘીઓની માવજત જેમ કે મરઘા ઘરની વ્યવસ્થા, સ્વચ્છતા, ઈંડા મુકવા માટેના માળાની વ્યવસ્થા, મરઘીઓમાં ઈંડા સેવન, બચ્ચા અને ઉછેરતા બચ્ચા (ગ્રોવર્સ) ની માવજત, ઈંડા અને નર પક્ષીઓનું વેચાણ વગેરેની વિગતવાર સમજણ પુરી પાડેલ હતી. શ્રી બલદેવભાઈ ગુર્જર, પશુધન નિરિક્ષકે એક માસની ઉમરના પક્ષીઓના બચ્ચાનો ઉછેર, ખોરાક પાણી આપવાની પદ્રતિ અને પક્ષીઓના મૃત્યુદર ઘટાડવાની કાળજી વિષયે બહેનોને માહિતગાર કર્યા હતા.

અત્રેની કચેરીના ડૉ. જી.એન.થોરાત (મદદનીશ પ્રાધ્યાપક, પશુ વિજ્ઞાન કેન્દ્ર) એ પશુ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા કરવામાં આવતી વિવિધ ખેડૂતલક્ષી સંશોધન અને વિસ્તરણ પ્રવૃતિઓથી હાજર રહેલ પશુપાલકોને માહિતગાર કર્યા. ડૉ. થોરાતે વ્યવસાયિક ઈંડા આપતી અને માંસ ઉત્પાદન કરતા પક્ષીઓનું અર્થકરણ, આવક–જાવક અને નફાનું બહેનોને માર્ગદર્શન આપેલ હતું.

સમારંભના અંતમાં બહેનોને મરઘાઓના બચ્ચાઓનું વિતરણ કરવામાં આવ્યું અને શ્રી જયેશ એમ.પટેલ, પશુધન નિરીક્ષક, પીવીકેએ આભાર વિધી સાથે કાર્યક્રમની  પૂર્ણાહુતી કરવામાં આવી હતી.

**તા. ૨૧/૮/૨૦૧૧૭ના રોજ પશુ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા આદિવાસી સંશોધન–વ–તાલીમ કેન્દ્ર, દેવગઢ બારીયા ખાતે મરઘાપાલનની તાલીમ અને મરઘા વિતરણ**














